
श्री

गुर्जरपति महाराजाधिराज करण घेलाना नाटकनां गायनो.

રચનાર.




પ્રત. ૧૦૦૦—આવૃત્તી ૧ લી.

અમદાવાદ.

"દિર્જય મવર્તંડ" છાપખાનામાં છાપ્યું.

કીમત. ૦—૨—૦

गुर्जरपति महाराजाधीराज करण घेलाना नाटकनां गायनो.



સુત્રધાર—(નેપથ્યમાં)

(શાર્દુલ વિક્રિડિત છંદ.)

પ્રીતે હે મમ તાત ખ્યાત જગમાં, ધરણીધરા રે ધણી,
વીશ્વેશ્વર, આધાર, નાથ જગના સદ્રુપ શિરોમણી;
આજે હું મતિમંદ રંક જનને, વાણી ઘણી નિર્મળા;
સૂબૂદ્ધિ વળિ કાર્ય સિદ્ધિ અર્થે આપો દયા સાગરા.

રાગ ધનાશ્રી.

સર્વપાત્રો—જય જય કરૂણા નિધાન, વિશ્વપતી, સ્હાય કરો ભગવાન.
અંતરયામી, અવિચળ ધામી, સબળ સકળ ગુણવાન. વિ૦
શરણાગત સેવક સહુ કરીએ, મંગળ યશ ગુણગાન. વિ૦
તેથી હે પરબ્રહ્મ પિતાજી, દેજો દયાનું દાન. વિ૦
પરમાત્મા છો સત્યસ્વરૂપી, જય જય સુખના સ્થાન. વિ૦
કૃતિ અમારી સામુ ન જોશો, બાળ ગણી નિરવાણ. વિ૦
મંગળ રૂપ હે ભૂપ સર્વના, નથી કોઈ આપ સમાન. વિ૦
યથામતિ આ સ્તુતિ ઉચ્ચારી, કરીને કૃપા ધરો ધ્યાન. વિ૦
પાત્રજનો વદે શીશ નમાવી, જય જય જય બળવાન. વિ૦

ગીતિવૃત.

સુત્રધાર—સદ્‌ વીદ્યા શુભ રીતી, નીતિ, વિશયમાં સદા અનાસક્તી;
સદાચાર, સદ્ધર્મો, સ્વદેશ પ્રત્યે અતો આતભક્તી.

મનવાંછિત પોતાના, ભૂપતિ એ નામું ઉર વિષે ધારી:
ભરતખંડ શોભાવ્યો, ભાગ્ય દશા હા! હાલ એ પરવારી
કરણરાય વાઘેલે, માધવની સ્ત્રી હરી નાટ નાંખ્યો;
યવન અમલ મચ્યું પ્રસંગે. ગુર્જર ભૂમે રંડાપો ભાળ્યો.
એ હું નાટક રૂપ, બયાન કરું તે શ્રવણ સજ્જન કરશો;
દોષયુક્ત જે તેમાં, ધારો તેની ક્ષમા ઉર ધરશો.

હોડી.

રૂપસુંદરી — આનંદકંદ હે ભગવત નીરવિકારી,
સ્તુતિ કરું હું સદા મંગળમતિ તારી,
સકળ દેવનું સ્વરૂપ હે ત્રિપુરારી—આનંદ
હે ઇશ સરવ દોષ કળા તારી,
દીસે અકળ સકળ વીનગતિ સારી,
કરું અરજ નીશ સ્તવન મોક્ષકારી-આનંદ.
આપી સ્નેહ પતીસેવન માંડી બારી,
કામ ક્રોધ લોભ મોહને વિદારી,
કરજે સહાય નમું છું પાય સ્તુતિ તારી-આનંદ.
દિનને રાત પ્રાણનાથ પ્રતિસારો,
સદ્ભક્તી અચળ દે હે! ત્રિપુરારી,
પતિતપાવના આ વીનતિ ઉર ધારી-આનંદ.

બિહાગની લાવણી.

કરણ- સેનાપતિ આ શું સ્વપ્ન સરીખું આવ્યું?
જેથી ગઈ શુદ્ધિ સકળ હૃદય કોરાયું;
આ સમે રંભા કે ખરે અપ્સરા આવી!
વરવા હું ક્ષત્રી શૂરવીર મન ભાવી:

જ્યારે કાંતિ રતિતુલ્ય અનુપમ ભાળી,
વળી નીરખી કટાક્ષો કરતી કુરંગવત્ નારી;
તે વખત સખત મને કાટ મદને શર મારી,
તેથી ઘાયલ મુજ મન પોકારે પ્યારી;
માટે હે શા ગુલ્વોર ધીર ઉર ધારી,
તું જાણુંતો મુજને કોણતણી એ નારી ?

રાગ ઝિંપરનો.

સેનાપતિ-નંદન કરી કરગુ ગુમાર બહુ દીન વાણી,
એ નથી આપગ રખા કે મક્રાણું;
છે પંતાન માધવ તણી સતી ગંગા નારી,
જે પુત્રિ તુલ્ય તમ રાય જુઓ વિચારી.

ગઝલ.

રાય આ દીન દાસ કેરી અર્જ ઉર ઉતારશો.
નારી એ સતિ સમાન, બણિગો એનો પતિ પ્રધાન,
એને છે છેડી સુજાણ, લાળુ એમાં ન મારશો-રાય.
હમણાં કરશો જાણી મંલ, પાછળથી થાશે મુશ્કેલ;
મેળવવાથી મુંદ કહેંસ, કોઈ દિ સંભારશો,-રાય.
ચાહો શું એ પરની નાર, પામ્યા એમાં કો ન સાર;
અંત તો થાશો ખુવાર, વાર તે વિમાસશો;-રાય.
મળશે આથી કીર્તિ ધૂળ, લાજશે વાઘેલ કુળ;
વાવશો કુસંપ મૂળ, વૈરભાવ વધારશો,-રાય.

સોરઠી ગઝલ.

આહા! પ્રભુ આશો ગજબ! દેખી અજબ તે હું થયો.
અહલ ધનુર્ધારી, સત્ય સાથી, રણધીરા મારા રાયને,

ક્યાંથી સુઝી આવી મતી? ઇશ કોપ કારમો શા કર્યો! આહા.
વાઘેલ કુળના દીપક રૂડા, શું હવે ઝાંખો થયો!
કુળને કલંક લગાડવા, શિદ જન્મ તેં ભુપર ધર્યો? આહા!
પાળક રાજના ભુપતિ ભુંડા, ટાળક શું સુખનો થયો?
મતિમંદ ન્હેં આ વિચારીને, ખાલી ફંદમાં તું ફસી પડ્યો—આહા.
જ્યારે પિતા તું ગુર્જર તણો, પત્ની સમ સ્ત્રિ અમાત્યની,
હરશે તદા દુખી દેશ છે, દિલમાં અનળ લાગી રહ્યો—આહા.
ગુર્જર ભુમી હે માત મારી, ભાગ્ય તારૂં ગ્યું હીને,
પિતાતણા આ કૃત્યથી, સુખનો સમય ગયા થયો—આહા.

લાવણી.

માધવ—સુણો ભલેરા ભૂપ સત્ય છે, કથન આપનું તો આજે,
નથી કામ આ સાહસ કેરૂં, ધીરજ વીર ધાર્યે થાશે—સુણો.
પ્રથમ સમજ પાડી શત્રુને, શામ દામથી વશ કરવા,
તેમ છતાં માને નહીં તો તે, ભલે રણે આવે મરવા—સુણો.
એજ મતિ છે નૃપતિ મારી, આપ ખરે એ ઊર ધારી,
અતિ ત્વરાયે કરો, દેશ જગ મોકલવાની તૈયારી—સુણો.

રાગ ઉપરનો.

કરણ—અરે સચીવા! ધન્ય તુજને, નીરખી મેં મતિ તો તારી,
પ્રભુ ઉપકાર ગાવું છું તારો, સચીવ દીધો બુદ્ધિશાળી—અરે.
નથી પ્રધાના સમાન તારી, રાજ્યકાજમાં કો સારૂ,
તેથી જો જાશે તું પંડે, કામ ખરે સરશે મારૂં—અરે.

સિંહાનો કનરો.

રૂપસુંદરી—પ્રાણજીવન મુજ વાત વિચારી, જાવા વિદેશે કરો ન તૈયારી.
આજ પ્રભાતે હે મુજ સ્વામી, શુકન થયા અતિશે દુઃખકારી. પ્રા.

નાથ જો તેથી, જાશો આ સમયે, થાશે ભયંકર વીકનજ ભાની. પ્રા.
કહુ કરજોડી, માનો આ મારું આજ જવા તણી વાત વિસારી, પ્રા.

ગજલ.

આશ્રય—શોક શાને કાજ પ્યારી, દિલમાં તું ધરે?
શાણી મારી જો વિચારી, શુકન શું કરે?—શોક.
ચંદ્રવદની પ્રીત તારી, ઘડી ન વીસરું;
વીચરતાં વીંધાઉ હું, વીયોગથી બળુ.—શોક.
મારે રિણૂં ગ તુજથી જવા, ઇચ્છું નહીં પળવાર;
પણ શું કરૂં પરતંત્ર તેથી પ્યારી હું લાચાર.—શોક.
હવે રજા દે પ્રાણ પ્યારી, જાવા ઉત્તર દેશ;
આવીશ વ્હેલો પાસ તારી, છોડીદે તું કલેશ.—શોક.

ઠુમરી.

પ્રાણ શું સમજી તું રૂદન કરે (૨)
મિથ્યા શીદ તું વેહેમ શુકનના, ઉર પ્રિયા ઊતાર?
બુડ્ઢા સરવ એ જાણીને મનમાં, ચિંતા ન કર તું લગાર રૂદન.
હુકમ વળી છે ગુર્જર પતિનો, જાવા સત્વર નાર;
માન્ય કરીએ, ફરજ બજાવવા, નિશ્ચે હું આજ જનાર—રૂદન.

આશાગોડી.

રૂપસુંદરી—સ્હાય થશો હે મુરારી, દીન રે ગણી સ્હાય થશો હે મુરારી.
નાથ ગયા છે, આજ વિદેશે, સંગ નથી સ્હાયકારી,—દીન રે.
માન શુકનથી હાય શું થાશે, ફડક હૃદયમાં એ ભારી;—દીન રે.
કાર્ય પ્રભૂ ત્યાં સફળજ કરજો, સંકટ સરવે નિવારી.—દીનરે.

"મન છીન લીયા" એ રાહ.

શો આ શોર થયો? દાસી જાને જો તું આશું થાય,
અપુંભાન મુજ ભુલાય.—શો.

ઝટપટ જા જો તું એ, ખડકડાટ શસ્ત્રતણો;
વળિ પોકાર માર માર, બા'ર ક્યાંઇ થાય,—વધુબાન
મુજ ગુસાય—શો આ શોર.

રાગ સોહની.

હાય પ્રભુ હવે શું થશે! હું છું એકલી આજ,
નથિ કોઇ મારી સહાયમાં રે ના નારી મુજ લાજ—હાય
આવી કરણ જશે લઇ મન જોર નિજ મહેલમાં;
અરે થશે બાળ એકમાં, મારા બે બાળ ત્યાંય—હાય.
અરેરે દીકર મારા બાપુડા, જોઇ આ તુજ હાલ,
દુખનો હવે આરો નવ રહ્યો, અંગે લાગે ઝાળ.—હાય.
શું કરું સતી સુગુણસુંદરી, શરણ હું તુજ હાય !
વિધવા થઈ વર્ષે સોળમાં, દેખી હૃદય ચિરાય.—હાય.

કરણને { ધિઃક ધિઃક હે નૃપતિ તને, કરી કપટ આ વાર;
આશો કર્યો કેર હું પરે, દુષ્ટ હે ચંડાળ.—ધિઃક

રાગ.

હો ભૂપતી, મૂખે બોલ તું વિચારી આ.
રે અવિચારી, કર ના તારી, આબરૂની ખુવારી.—હો.
જો વિચારી, કોણ નારી? કેમ તારી, મતિ ફરેલી,
ફંદ ભરેલી, થઇ ઘેલી? શરમ તારે, ઉર લગારે, નવતું ધારે,
દુરજા શઠ તું, અરે નફટ શું, કરી કપટ તું, પુનિ જોડે,
વચન બોલે, વગર તોલે, શું વિચારી? હો.

રાગ.

કરણ—અરે આરી મારી માથી, કાઢે મુખથી શી વાણી?
આવી છેક અભિમાની, બની કરે શું નાદાની?

મૂક હઠ હવે ગાની, બોલ બોલ માં ગુમાની;
છોડ છોડ તું હેવાની, ચાલ થા ન તુ દીવાની.
હસી વસી રંગ માણી, રાજ્ય કુળે જાગ ખ'ણી;
પા તું મુને પ્રીતિ-પાણી. થા તું મારી પટરાણી.
ઉર ધ્યાની પ્રેમ આણી. સ... સમ ... જાણી,
મને પ્રીત તારી માની, બાંધ સ્નેહ ગાંઠ તાણી.

રાગ.

રૂપસુંદરી—તું નફટ લાજ વાળો નફ આ રે.
મૂરખ વિચાર કર, હું ... પતિ તારી, ખર, તું.
ભાન તજી નાદાન મને ... જાણ બાલ તુજ ઉર તારે.
મૂઢ મતિના તું નિમકહરામ', અંગારો ઊઠ્યો ભાગે.—તું.

માલિની છંદ.

કૃષ્ણ—સદન સકળ ગુણનું, પ્રાણથી મુજ પ્યારી,
નહિ નહિ નહિ વિસરૂં, પ્રીત ક્ષણ એક તારી;
તુજ મૃદુ સુણી શબ્દો, રૂપ વળિ આ નિહાળી,
ઉર મુજ તુજ સંગે, ઇચ્છુ રમવા સુચારી.—૧
નિજ હિત ચિત માટે, ચાહી ચતુરા હું સંગે,
ઉઠ હઠ તજ મારે, ચાલ મેહેલે ઉમંગે;
નથિ નથિ નથિ વસવું, યુકત આ નીચ ઘરમાં,
ઝટ ચલ પ્રિય મારી, સંઘ વિલંબ કર માં.—૨

લલિત છંદ.

ગુણસુંદરી—અરર હાય આ કોપ શો થયો? સમય સૂખનો ક્યાં જતો રહ્યો!
અરર શી ગતી, માહરી થશે? દિવસ દુઃખના શી રીતે જશે. ૧
રજની ... ... શું થયા! મનુ મનોરથો રે મને રહ્યા,

-હૃદયમાં બળે લાયરે ઘણી, પ્રિયપતની જુઓ મારીરે ભણી! ૨
વરષ સોળમાં જખમ શો કીધો? પલકવારમાં શો દગો દીધો!
ધિરજ શે ધરૂં? પ્રાણના પતી, કરમ ફુટિયું હાય આજથી!–૩
પરમ પ્રેમને નાથ વીસારી, અરર આમ શું ક્રૂર રે કરી!
પતિ તમે ગયા ઘટિત ના કર્યું, દીન અનાથ હું શું હવે કરૂં! ૪
અરર રૂપ આ જુવાની બહુ, તમ વિના હવે ઝેર છે સહુ!
જીવન આ બથા મુજ ગણાયરે, સુખ ખરૂં ગયું હાય હાયરે!! ૫

ગજલ.

ગુણસુંદરીની મા–અરે પુત્રિ પ્યારી, શું દિલમાં ધરે!
નહીં તુજને મરવા, દઈશ હું અરે;
અવસ્થા અમારી પરે તું વિચાર,
દયા દિલમાં શું તું ન લાવે લગાર;
થયાં વૃદ્ધ તારાં પિતા ને હું માત,
તેથી કોણ સંભાળશે તુજ ભ્રાત;
વળાવી તને શું હું જીવતી રહુ?
જરૂર સંગ તારી હું મરવા ચહું.

રાગ.

ગુણસુંદરી—હો મિય માતુ મારે, જીવીને શું કરવું;
જીવીને શું કરવું મારે, હા! હવે છે મરવું. હો.
પ્રાણ આ સુજાણ હાર જીવન મારા આજે,
પામ્યા મરણ અન્ય શરણ હવે જીવી ન ધરવું. હો.
દુખ રૂપ સકળ સૂખ જાણી અખિલ વીશ્વમાં,
તજીશ પ્રાણ માતુ હવે યોગ્ય નથી ઉચ્ચરવું. હો.
સમજુ થઈને વચન આવાં કાઢશો ન મા તમે,
કરૂં પ્રતિજ્ઞા આજ મારે સંગ પતિની બળવું. હો.

ક્ષત્રી કલંક—એ રાહ.

ગુણસુંદરી–હા ! હા ! કૃતઘ્ની આ ભૂમીનો ભૂપાળ, સતીનો કોપજો રાગાશેરે.
દુરાચારી નીવડયો ચ્‍ડાળ; ,,
વિના વાંકે હરી સચીરાની નાર, ,,
કુળ બોળ્યું થઈ ક્ષત્રીનાકુમાર. ,,
એ છે નફ્ટ કુકર્મી રાજન, ,,
તેને ક્યાંથી આપુ આશીરવચન; ,,
તેતો રઝળશે વન બહુ વાર, વચન સત્ય સિદ્ધ થાજો રે.
હરી જજો અન્ય કોઈ એની નાર. ,,
થજો અણહીલપૂર પાયમાલ, ,,
તેતો મરજો ભુંડે હાલ; ,,
શુરા વાઘેલ કુળનું જજો માન, ,,
તેનું નામ ઠામ નહીં રે' નિશાન. ,,
હવે આ ભુમિમા વીર તું જાણ, ,,
રાજ કરજો તુરક પઠાણ. ,,

શિખરણી વૃત.

કૃપાળુ હે દેવા સકળ સુખદાતા દુખહરા,
નમું હું સાષ્ટાંગે, પરમ ભય ત્રાતા ભવધરા;
પિતા માતા આજે, સતિ થઈ જઉ હું પતિ કને,
ચઢો મારી વારે, શરણગત જાણી પ્રભુ મને. ૧

ઝીંઝોટીની ગજલ.

માધવ—હાય હાય હે પ્રભુ આશી દશા મારી!
આશો દૈવ કોપ તારો? આવી આફત ભારી. હાય.
આવ્યો હું વડનગ્ર છોડી, સુખ જહીં ભાસી;
વિશ્વાસઘાતી કરણ નાંખી, આ દુઃખની ફાંસી. હાય.

ઊછેર્યો દુઃખ પામી સર્વે, એ મુજ [illegible];
હરિ શું તું છોટ કરીશ, કરી કૃતઘ્નતા. હાય.
મારી શું આંખમાં તે આવી દીધી ગતી;
[illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] હાય.
રે! રે! પ્રભુ કેમ ત્યારા, ને [illegible];
કાજ મારી આપ[illegible] [illegible], [illegible] [illegible] [illegible]. હાય.
હા! હવે હું તો નિભાગી એકલો [illegible];
શું હું જગમાં [illegible] [illegible] [illegible], [illegible] રહ્યો. હાય.
[illegible] સહ્યું પરવાનું, [illegible] [illegible];
અરર પ્રભુ તારા [illegible]. [illegible] શું કરૂં. હાય.

રાગ.

માતાજી—અરે માધવ તું સાવધ થઇને, શોક તજી સુણ કહું જે તુજને;
ધીરજ ધર પરહર નિરાશા, સ્હાય સદા હું સેવક તુજને.
જગત જનની હું છું અંબા, આરાસુરમાં વાસ છે મારો;
જોઇ હું તુજને આમ પિડાતો, વેરનો મારગ બતાવું તુજને.
જા તું દીલ્લી શાહની પાસે, કરજે વિદિત એને દુઃખ તારૂ.
કારજ સર્વે તારાં સરશે, શાંતિ અતી મન થશેજ તુજને.

મીલીલેલી—એ રાહ.

અરૂકલીખાં } અરે યે કયા હમપે સિતમ, ખુદાતાલા. (૨)
અને કદરખાં } હુવા બેવફા અલાઉદીન, લીયા સબ મુલ્ક હમારા છીન,
કીયે બેહાલ, અહા! યકદમ, ખુદાતાલા. (૨)
લીઇ પ્યારે પિદરકી જાન, ડાલી માદરકુ [illegible]
બડા એ કીયા ખુનીને જુલમ, ખુદા તાલા. (૨)
[illegible]
[illegible] ખુદાતાલા. (૨)

કરે ક્યા હમ઼ેરઅને લાચાર, નિગાહકર પાકપરવરદીગાર;
હુવે નાહેવાજ, કરો કુછ કરમ, ખુદા તાલા. (૨)
મેં જાનતીથી—એ રાગ.

આશ્રમ— આવ્યો આ દિલ્લી નગરમાં મારું ન જોયું કોઈ,
રાજ્યો રખડી સર્વ ઠામે, યવન જાતી જોઇ. આવ્યો
હવે મુજાહિદ પુરાણમાં, સુણે નહીં કોઇ,
આવે સ્વર્ગે દરબાર બાર નમે નહીં કોઇ. આવ્યો.
કરજો કર્યા, જય લાલ આ, હવે પુરો હઈ,
હાની બની રાખું કરે આપની નાની મોઇ; આવ્યો.
પાણુ આ ધરી, લાગણાની, એમ નિરાશા બની,
મુશ્કેલ છે ધારી જવાનું, કરું ઉપાય કોઇ. આવ્યો.
માટે હવે દિલ્હીશાહની, કચેરીમાં જઇ,
મુજ વે'ર વાળું શાહને, સમજાવી પેર કોઈ. આવ્યો.

છપ્પો.

લોકકશંકર—નીચ બુદ્ધિ ધરી શાહ, ઉર શું અતિશે તારા.
મિથ્યા પીડે રંક, હીંદુ વિણ દોષ બિચારા?
ધિક! ધિક! ધિક! આ રાજ્ય—કાજ સહુ તારાં પાપી,
તુજ દુષ્કર્મે છાપ ખરી ખુનીની છાપી;
વળિ તુ બહુપરે ભલે જુલમ કરે પણ જાણજે,
ઝટ નીચ જાત હીંદુ હવે પ્રાણ અંત તુજ આણશે

બંજારો.

આશ્રમ—હે દિલ્લી પતી આ મા'રી, સુણો અર્જ અતી દુઃખકારી;
દેશ દક્ષિણમાં ગુજરાત, ત્યાં છે રાય કરણ કુજાત;
પુરો કુમતિ ને વ્યભિચારી, સુણો.
તેનો મંત્રિ છુ બ્રાહ્મણ સ્વામી, મને નીકળ્યો જુપ ક્યાં હરામી

કર્યો ફેર કાળો પર મારો, સુણો૦
કાઢ્યો મુજને એણે વિદેશ, ખોટું કામ કરતી દીલેશ;
હરવા મુજ પત્નિ પ્યારી, સુણો૦
ગયે હું રહ્યું ઘેર ન કોઈ, બંધુ એકલો મારો જોઇ;
આવ્યો સૈન્ય સહિત અવિચારી, સુણો૦
બહુ યુદ્ધ થયું ઘરમાંહી, માર્યો એણે વીર ગુજ ત્યાંહી,
હરી છેવટ નારી મારી, સુણો૦
મને જાણ થઇ આ જ્યારે, આવ્યો શાહ હું શરણ તમારે,
કરો સંકટ દુર આ ભારી, હવે સહાય છે મારે તમારી.સુણો૦

રાગ બેહુવાઓને—બેરાહ.

અલાઉદ્દીન—અજબ હોતા હું મેં આપ કિસ્સીયા,
કમબખતને યે ક્યા કામ કીયા;
ઓરત ઉસકી લેકર જુલમસે,
બીરાદરકા જાન લીયા—કમબખત.
શાહ બડા ગુજરાતકા હોકે,
કૈસા દગા ઉનકુ દીયા—કમબખત.

ગજલ.

કરણ—આથી આફત મુજ પરે પ્રભુ આવતી ગઇ?
થાશે શું મારૂં? સુઝે નહીં, મતિ મંદ થઈ ગઈ. આ થી૦
જે વારથી હરી જોરથી મુજ મંત્રિની નારી,
મુઆ મૃત્યુ વિણુ કેશવને તેની પત્ની પ્યારી;
તે વારથી મારી દશા આવી થઈ ગઈ. થાશે૦
સ્મશાન સમ મુજ નગ્ર દેખું, ને વાશી ઉદાશી;
ભરાયું ભુત મુજ નારીમાં; આવી પીડા આ શી?
છોડાવું કેમ આ દુઃખમાંથી, દશા મુજ ક્યાં ગઈ? થાશે૦

કુમારી.

જુવો—કહું નૃપતિ હું વાત જે મા'રી ચો દિલધારી આપ સુણોરે,
શહેર બહુ લખનોર છે ભીતર વાસિ હું છું નૃપ તેહ તણોરે. કહું.
ફર્યા કરતાં મેંતો પ્રવાસો, દેશ વિદેશ નરેશરે,
પંજાબ, માળવ ને સોરઠ, દક્ષિણ, માલવ આદી દેશરે. કહું
પ્રવીણ હું છું જંત્ર મંત્રમાં, વળી ઉચ્ચાટન જાણુરે;
વશીકરણ, સ્તંભન, આકર્ષણ, મારણ સહત પ્રમાણુરે; કહું.
માટે હવે દ્યો આપ રજાજત, તો અંતઃપુર જાઉંરે;
સખ સખત એ ભૂતને કાઢી, ઈલમ મુજ બતાવું રે; કહું.

દાદરો.

આહા! ભારી આ ભુત ભયંકર ભારીરે.
પીડા પામે રાણીરે, અનહદ એ તો જાણીરે,
મુજ ઇલમ કાંઈ લગાડું, જલ્દીથી એને કાઢું;
જેથી સુખ પામે સારૂં, બને નૃપને નારીરે. આહા !
વાર હવે ન કરવીરે, હીંમત ઊર ધરવીરે;
જે હશે થવાનું થાશે, પાછળથી એ જોવાશે;
હાલ હું ભણી મંત્ર ચોટ માર કારીરે; આહા!

રાગ.

અરે ભૂપાળ, નહીં આભાર, માનો મન.
કરો ના ખ્યાલ એ સરદાર; માનો મન०
બજાવી આજ ફરજ શિરતાજ મેં મા'રી,
કર્યો ઉપકાર, નહીં તલભાર, માનો મન०
કુમારી— કહો કેમ આજ, કર્યું આ કાજ. મા'રૂં મેં
હશે કાંઈ ભેદ ખરો આધાર, માનું મન;
જુવો— સુણો નૃપ વાત કહું જે આજ, ત્યારે હું,

અજાયબ આપ ગણો નિરધાર--મનો મન.
ફિરંતા ગામમાં ભુપ ઠામ છે [illegible],
તમારો [illegible] હું [illegible] માનો ગન.

ક્ષત્રી ટુંક—સોરઠ.

કરણ--ભલે આવ્યો આંહી અંગ [illegible], ક્ષત્રીના પુત્રો રાજ થાઓરે
બાંધો કમર કરી હથિયાર; ક્ષત્રીના પુત્રો રાજ થાઓરે.
આવ્યા દેશમાં શું મ્લેચ્છ ધરી ધીર, ક્ષત્રીના
જોઇ નમો નમે [illegible] રણધીર; ક્ષત્રીના.
માટે કર પૂરવી સહુ આજ, ક્ષત્રીના.
છુટી સહુ આગે [illegible] સમાજ; ક્ષત્રીના.
[illegible] જોગણી ના [illegible] રે હજાર, ક્ષત્રીના.
[illegible] એક વાર; ક્ષત્રીના.
જાગો કેસરીઓ [illegible] આ શિકાર; ક્ષત્રીના.
અહો સમશેર [illegible] શત્રુ સંહાર; ક્ષત્રીના.
બની ક્ષત્રી ટેક ધરો ફરમાન; ક્ષત્રીના
જેથી યવનો પોકારે ત્રાહ ત્રાહ; ક્ષત્રીના.
ઉઠો ઉઠો સહુ ક્ષત્રાણીના સત; ક્ષત્રીના.
નામ કાઢો રણે ચઢી રજપુત; ક્ષત્રીના.

રાગ.

સબારાદો—હે નૃપતી આ દેશની ખાતર, હાલ હાલ મરવા;
શસ્ત્રે સુરા સર્વે પુરા, તુરત હાલ કરવા.
રણમાં પુરા, ક્ષત્રીસુરા, હામ હાલ ધરવા;
હાજર હાજર, છે સહુ નરવર, મ્લેચ્છ કીર્તિ હરવા. હે.
માર માર કરી ક્રુર, યવનો એ અતી ક્રુર,
આપણી જિત કરશું, આવે બની મગરુર, [illegible]

તેથી ધરી ટેક શુર, નેક ને વિવેક ઊર, ક્ષાત્રિ તેજ ભરપુર;
તન ધરી ધરી નુર, કરી સહુ ચકચુર, ક્ષાત્ર દામથી જરૂર.
રણુને વિષે સજુર, ઠાર માર કરતા. હાજર.

સુહાગ.

કેળાદેરાણી —સગ ગ તું મારું હો (૨) મિત પતીશે કાઢું કાળ;
એકલી નાર, આધાર એ શુંનર. સગ.
[illegible] તન મુજ જિવન પાળું, એક ચીત તમમાં મારું;
[illegible] શા ન્યારું છો. સગ.
[illegible] ચંદમાં [illegible]નીજ પ્રીત આઠ પહોર;
મોહ [illegible] હો. સગ.
[illegible] કરો પ્રીત રણુની વાત, સ્વામી સદા રહો સાથ;
કરશો વાનું હો સંગ.

મંહરસુખ—એરાહુ.

કરણુ—શશિ સમાન. શુગ નિધાન, શાણું તું સુંદરી;
પ્રીત અપાર, ક્ષણ ન વાર, જાઉં વીસરી. શશિ.
પણ જો પ્યારી, દિલ એ ધારી, બેસું અહીં ઠરી;
જાઉં ન રણે તનમાં ટેક ક્ષત્રીનો ધરી,
વદે શું લોક આવો ન કરણુ, તુરકથી ડરી. શશિ
મનમાં, તનમાં, રણુમાં, ફિકર અતી, મુને એ થતી;
તેથી સુમતિ, જવા દે સુંદરી. શશિ.

ગજલ.

કેળાદેરાણી—જાવાની વાત રણમાં નાથ બોલો નહીં પ્યારા;
સુણી જાવાની ખબર, દિલ મારૂ ભડકે બળે,
સૈયારો ના ખમી વિયોગનો તન તાપ પ્યારા—જાવાની.
[illegible] મુને એકલી, રણમાં ની જાશો [illegible]

ઝુરી હરી હું મર આધાર વિણ પ્રિય પ્રાણ પ્યારા. જા.
પ્રીતિ મારી પીયુ! જગમાં જેવી મીનને;
તેવી જાણો તજી તો ભાર આ ભરતાર પ્યારા. જાવાની.
તેથી માની હવે, દાસી પરે કૃપા કરો;
છોડો જાવાની હઠથી આશા હે મુજ પ્રાણ પ્યારા. જા.

હોરી.

કરણ—નહી નહી નહી બોલ પ્યારી, આવા વચન બની અવિચારી.
પ્રિતિ હું તારી જાણું સદા જે, એમ નહીં ખાસ તારી,
નીરખી વદન આ એકજ તારૂં, રાજ્યનું કાજ વિસારી.
કેવી આબરૂની ખુવારી! નહીં.
બુધ્ધ શુધ્ધ ને ગુણ તારાં ગયાં ક્યાં, જો તું જરારે વિચારી;
કેમ વદી તું રંક વચન આ, જાતાં રણ રાખે વારી.
બની તું તો ક્ષત્રી કુમારી. નહીં.
શુભ અવસર આ યુધ્ધ થવાનો, ક્ષત્રિને એ સુખથી ભારી;
ચુકી રહું જો તારી હું મોહે, લાજે જનની મારી;
તેથી નહીં એ વાત થનારી, જાઉં રણમાં નારી.

દશાની કુમરી.

કેળારાણી—દાસી રે લાગી વિરહ કટારી;
વિરહ કટારી, ચાલ્યા નાથજી મારી; દાસી.
કોપ કરી એની મન તરછોડીરે,
પ્રાણ ન રહ્યા રાખે વારીરે;—દાસી.
ચેન નહીં મારે, પ્રિય વિણ મનમાં;
નાથ ગયા મુને, વિસારીરે.—દાસી.
તાપ બળે દાસી ઉર વિયોગે,
કાય ન રહેશે હવે મારીરે. દાસી.

કીયાસો હાયે—અરાહ.

દાસીઓ—ધરો ન ખાઈ શોચ તમારે મન,
 ઓતી શોગ ધારી, ખિન્ન દમો તન મન—ધરો.
 સુતને શાખ્યા આપ થયાં બા,
 કરવા શું નાહક આવું રૂદન તમારે મન? ધરો.
 વખત વિચારી, ધિર ઉર ધારો;
 રડતાં પીડાશો માનો ગાનો તમારે મન. ધરો.
 શુદ્ધ તમ ભક્તી પતિની સંગે;
 જાણી સંકટ ઈરા હરગે ડરો ન મન. ધરો.

અલાઉદ્દીનનીફોજ— રાગ ઇંગ્રેજી.

૧ સિપાઇ—સબસે હમ હે બડે સિપાઈ, નાગ હુએ મેરા લટકનખાન;
૨ કોન ખલકમે મેરે જેસા, ફક્કડ અક્કડ લફંડખાન?
૩ મખ્ખીમાર મેરેજંગમે, નહી હે ઢુંઢો સારી જહાન;
૪ મુક્કીસે મેં પપ્પડ તોડું! બાહાદુર મે બી બડા પહાન.
૫ કુત્તા બિલ્લી સબકુ મારૂં! કરને વાસ્તે ક્યા મેદાન;
 કરૂં જેરમે અબી તેગસેં, સબ વો સારા હીંદુસ્તાન.

ચલો અબી સબ જાના હુએ, જંગી જંગ મચાના હુએ.
હીંદુકુ હડાના હુએ, યે તલવારસેં;
રંગ રંગ રંગ, રનમે કરદો રંગ;
જલ્દી જંગ મચાવો તુમ, હરીફકુ હઠાવો તુમ;
રનમે ફતેહ પાઓ તુમ, યે તલવારસે. ચલો.

રાગ.

ફુરમાનુ લશ્કર—સબ શત્રુ સની વીરો શસ્ત્ર ઝળકાવો;
 ખાંડે કાપી શત્રુઓને, રણથી હઠાવો. સબ.

સજ થાઓ ઝટપટ, હિરચારી ધનીટ,
દુશ્મનોની ઝટ કટ, કાપજો ચલાવો સઘ.
હીમત ને ધારી અંગ, તું ક્ષાત્રીઓની સંગ,
રાખી રજપુત રંગ, જંગ તો મચાવો, સઘ.
તુટી પડી વીરજન, મારો તીર તનતન;
છુંદી છુંદી આ યવન, દેશને બચાવો સઘ.

ભૈરવ.

નાયક—કરૂં હાય હવે હું શુ રે હરી!
ઠામ સકળ મેં નૃપને જોયાં, ખબર મુને નહીં લેશ મળી. કરૂં.
શોધું હવે ક્યાં હું આ વનમાં, ઓચિંત થયો સઘળે રખડી. કરૂં.
આગ બળે દિલમાં અંતરમાં ક્યાં ગયા નૃપ ક્યાંછે કુંવરી? કરૂં.
ઉત્તર એને આપું પ્રભુ શું? મેહેર કરો હવે માફ કરી. કરૂં.

રાગ.

દેવળદેવી—ભાઈ તું પીતા પાસે તેડી જાને,
ચાલ વેલો, ઝટ જવાને; ભાઈ.
ચરણે પડું છું રાજ્ય કુમારી,
ઝટ આગળ મારી થાને. ભાઈ.
કહેને વીરા મારા બાપુ છે ક્યાં;
ઉઠને તું થઈજો રવાને. ભાઈ.
ધારી શકું નહીં ધીર ખરો હું;
મળશું ક્યારેરે, પીતાને. ભાઈ.

પીલુ.

નાયક—શીરે કહું હું વાત હે ભાઈ, કેર થયો અણહિલપુર માંહી.
ક્રૂર તુરકડા પેઠાઓ પુરમાં,
લાયા હરી રાણી કેળા ત્યાંહી. શીરે.

નાઠા લઈ હું સંગે આ બાળા;
રખડયો અતીશે વની વનમાળા; શીરે.
છેવટ મળ્યા આપ આ સમયે;
હવે કહો મુને ભૂપાને કયાંઈ. શીરે.
નસીબ આપણા ફરયાં સરવનાં,
આ તો વખતશો આ દુઃખ દાઈ. શીરે.

લાવણી.

કરણ—આવી આવી દશા મારે! પ્રભુ શરણ પડયો તારે.
રાજ્ય ગયું ને થયો રખડતો, રંક બન્યો હું રાય;
હવે દુઃખ આવો શેહેવાય' સુંદર આ કાય, થશે શું હાય? આવી.
પુત્રિને પ્યારી મારી હશે કયાં' આવ્યો હું બાગલાણ;
હરી કરશે તુરક હેરાન, જરૂર મુજ પ્રાણ, અતી સુજાણ. આવી.
લેવા ખબર મેં એ બનાની, મોકલ્યોછે હરપાળ;
તેતો આવ્યો નહીં હજુ બાળ, તેથી ફીકર કાળ, બળે વીશાળ; આવી.
માટે સુણી હે વિશ્વપિતા આ મુજ દુખનો પોકાર,
કાંઈ દયા કરો આવાર, જગત આધાર, કરી મુજવાર. આવી.

ભેરવી.

દેવળદેવી—અરે ઓ પ્યારાપિતા, વાંકે શા મુજને વિસારી?
કઠણ હૃદય આ દિસે તમારૂં, નહીં તો ન જાઓ હો મુકીને.
આ પુત્રી તમારી—અરે.
માલ હરી મુજ તુચ્છ તુરકડે. કષ્ટે હું નાઠી પિતા પીડાઈ,
જુઓ કાય મારી.—અરે.
આમ રખડતા વનમાંહી બાપુ મળ્યા આ હરપાળરે,
લાવ્યા એ પાસે તમારી—અરે.

ગજલ.

ભીમદેવ—અરે ભુપતી તું બેઠો કેમ? સિતમ આવે અહીં ભારી.
કહું શું વાત તુજને એ બળે ઊર આ દશા તારી. અરે.
તુરક સેના એ આવે આજ, અરે તારી સુતાને કાજ;
નથી કાંઇ લાગ તુજ પાસે, બળે ઉર આ દશા તારી. અરે.
કરે આ કેર અરે તુજ નાર, વસીએ શાહને ઘરબાર;
વિસારી નાથ માણે મોજ, બળે ઉર આ દશા તારી. અરે
હવે હે રાય કરતુ ઉપાય, યવન હસ્તે ન પુત્રી જાય;
ઉગરવા આશ ચેતેનો, બળે ઉર આ દશા તારી. અરે.

રાગ.

કરણ—હવે કહોને મુને મા'રારે મીત્ર શું કરૂ?
દિન દુખના થયા, સુખ રાજના ખોયાં;
શરણ હવે કોનું ધરૂ રે? મીત્રશું કરૂ.
સુઝ પડતી નથી, કોણ આ સમયે,
કરશે મદદ? કોને મળુ રે? મીત્ર.
વિકટ વખતમાં બંધુ ન કોઇ;
હાય હવે કયાં જઇ ઠરૂ રે? મીત્ર.

રાગ.

હરપાળ—નહી વ્યથા એ ધારો મન, અરે રાજન;
શોકાજ દહો? દિલ આપ કહો? હે નેકીને ધીમન;
આ વિધિએ લખ્યુ લખાણ, લલાટે જાણુ.
ન એ નામ, ફરે નીરવાણ, ધરી ધીર રહો અહો [illegible]
અદની પડતી જગમાંય, સરૂવને રાય.
નહીં કામ દમે દુખ જાય, હવે કોઇ કરો બીજો ઉપાય;
[illegible]

હરીશ્ચંદ્રે પણ સત્ય કામે,
ઘૂતરમી નૃપે નળ નામે,
એ યાદ કરીને મન, અરે રાજન. શેકાજ.

બારમાશી.

દેવળદેવી—
નહીરે પ્રીતુ મા'રા આમ વિચારો, દીનરે ગણી આ પુત્રિ તમારી—નહી.
માત નથી મુજ તાત હું છું રે, શરણું આ એકજ બાળ તમારી,
ક્રૂર થઈ હવે દૂર શું કરશો? દિલરે દયા કેમ આજ વિસારી! નહી
કહો ન જવા મુજનેરે પિતાજી, પર વશતા દુ:ખદાયક ભારી.
હાય હવે મા'રે સેહેવી ત્યાં પડશે, નારે કરો બાપુ અળગી કુમારી; નહીં.
તુરક ભરે આવે મુજ કાજે, ફિકર કરો પિતુ લેશ ન મા'રી
પ્રાણ તજીશ જો તમ નહી ચાલે, પણ નથી હું જુદી તમથી થનારી. નહી.

રાગ.

કરણ—વચન હે પુત્રી આ મુજ માન—હઠ ન આ ઉર આણ. વચન.
દુ:ખ સમે તું, આમદમે શું? રાખ જરા ઉર ભાન. વચન.
વેણ આ તારાં, ભેદે મારા, અંતરમાં જેમ બાણ. વચન.
કઠણ વખત આ, મુજ છે તનયા, નહિતો ન કરૂ દૂર જાણ. વચન.
તુરક દળ એ, સબળ સકળ છે, કરશે જરૂર હેરાન. વચન.
માટે આ મારૂં, માન તો સારૂં, મળશે ત્યાં સુખનું સ્થાન. વચન.

જાનુની જીવો એ રાહ.

દેવળદેવી—અરેરે પીતા મારા શું વદો, આવાં મૂખ વચનજી;
[illegible] કરોરે આ પુત્રીને, કરી દૂર શું મનજી.
અરેરે પીતા મારા શું વદો!
દુ:ખે [illegible] [illegible] [illegible] છોડી હું મુજ માનજી;

આવી જ્યારે તમ આશરે, આમ તરછોડો તાતજી.
અરેરે પીતા મારા શું વદો !
કરણ—વહીરે આવું શાને પત્રી તું, મારૂં અંતર બાળજી;
માતા તુરક ઘેર તુજ રહી, લાવે કઠણ આ કાળજી.
વખત વિચારી જા કુંવરી.
દેવળદેવી—સુખરે દીઠાં જેણે રાજ્યનાં, તેને આવ્યા આ દિનજી;
પડશે રે'તુ હવે અન્યના, બાપુ મા'રે આધીનજી.
ના, ના, પિતાજી હુ નહીં જઉં.
કરણ—નિરરે તું શીદ નયને ભરે, પુત્રિ પ્રાણ સમાનજી;
પાપ પુરવનાં આવી મળ્યાં, કરવા અધીક હેરાનજી.
વખત વિચારી જા કુંવરી.
ભીમદેવ—દીલરે ઓછું નહીં આણશો, મારા સમ બેની લેશજી;
ભ્રાત મને તમ જાણજો, કરશો નહીં ઉર કલેશજી.
બેની તમે સધ સંચરો.
દેવળદેવી—રાજ્ય કુળે સુખ માણતા, કરતાં ભોજન પાનજી;
આગ ફિરી હવે સર્વમાં, ફરીએ વેશે આ રાનજી.
અરેરે પીતા મારા શું વદો !
કરણ—વિધિએ લખેલ લલાટમાં, પુત્રિ આવાં જે લેખજી;
ટાળ્યા તે કોઇના નવ ટળે, સેહેવા પડશે એ ઠેઠજી.
વખત વિચારો જા કુંવરી.
દેવળદેવી—દેવ રૂઠયો આવો શો પીતા, કીધાં પૂર્વે શાં પાપજી?
પડયાંરે આવીને દુખાબ્ધિમાં, બાપુ આવા અમાપજી;
અરેરે પીતાજી આવું થયું !
ભીમદેવ—વિલંબ કરો નહીં આ સમે, આવે તુરક નાદાનજી;
સુખબેના સંગ એ લઈ, કરશે અધીક હેરાનજી;

એની તમે સધ્ય સચગે.

કરણ—નથીરે કરી મેં પત્ની તને, આળગી મુજથી કો વારજી,
તજતાં હવે તને આ સમે, મારા ઉર ઉડે ઝાળજી;
વખત વિચારી જન કુંવરી.

દેવળદેવી—અરેરે પીતા શોક ના ધરો, હું પણ જાવા તૈયારજી,
(પણ) મળશો કયારે એ મને કહો, ફરના વિસરશો બાળજી;
અરરે પીતા શોક ના ધરો.

કરણ—સાવધ રહેજે ત્યાં હે બાળ તું, હેડે રાખજે હામજી,
મળશુ મેળવશે જ્યારે પ્રભુ, હવે છેલા પ્રણામજી;
સાવધ રે' જે ત્યાં હે બાળ તું.

રાગ.

ભીમદેવ—એન શું ગુમાવો વખતજ આવો?
દુખ સમયમા ધીરજ ધરવી, આમ ન હામ હરાવો. વખતજ.
જાણો વખત આ બારીક એની, ઝટ મુજ સંગે સિધાવો. વખતજ.
સૈન્ય તુરકનું આવશે હમણાં, કેમ થશે અટકાવો. વખતજ.
વિલંબ ન એથી એનજ કરશો, નહિ તો થશે પસ્તાવો. વખતજ.

રાગ.

કરણ—કલંક શિર તે દીધું ભારી, અરે નારી વ્યભિચારી.
ડરી નહી દિલમાં ત્રિયા, તજતાં લાજ લગાર,
વસી ઘેર તું તુરકના, નફટ નાર ધીક્કાર;
લજાવી જાત તે મા'રી; કલંક.
છોડી ઉરથી પાપિણી, સ્વીય જાત અભિમાન,
ક્ષત્રાણી મટી તુરકડી, બની અરે નાદાન!
કર્યો આ કામ બા કારી! કલંક.
નારી થઈ શું શાહની, તજી જાત ભરથાર!

મરી કેમ ના જનમતા, કે થઇ કુંટા નાર;
કરી આ શી ગતિ મારી ! કલક.

આઢ.

દેવગઢની—આ સિંધુ મુજ આ દીનરે, કરજો સ્હાય હે હરી;
દુઃખપર દુખ અધિકું પંડરે, મુજથી ના સેંવાય,
માફ કરો હરી થઈ ધણીરે, વિનવું હું જગરાય—કરજો.
આપવિના નથી આ સમેરે, અવર મારો આધાર;
શરણાગતને સાચવજો પ્રભુ, ભક્તતણા ભય હાર—કરજો.
તુરકતણોછે ભય આ વનમાં, નથિ કો માંહીં પાસ,
હમણાં આવી એ શું કરશે? ઉપજે ઉર એ ત્રાસ—કરજો.
વીરા દીનના છો તમેરે, દુઃખ હર્તાજ દયાળ;
વિકટ સમય આ મારો જાણી, કરજો મુજ પ્રતિપાળ—કરજો

રાગ સીતાજીના મહિનાનો.

હાય! આશો કર્યો પ્રભુ રોષ. હું દીન બાળની પરે,
નાંખી આરે અચાનક તાત, અધમ હસ્તે અરે;
ક્યાં જનાનાગી હતી આશ, ઘડીમાં શું થયું,
રેડ્યો દુઃખનો દરીઓ ઈશ, સ્હાય કો નવ રહ્યું.
કોણુ જનત અને કોણુ તાત, જવું કોના વાસમાં !
મુકી ધર્મ થઉં હાય મ્લેચ્છ, પડી તુર્ક પાશમાં;
રો રો પરમ પ્રિય મુજ તાત, સમે આ ક્યાં ગયા?
પ્યારી પુત્રી તમારી હાય, હરી તુર્કો વયા.

રાગ.

સાખી—પાલો હર ત્રીભુવન પ્યારે—
શરન તુમારે; સબ જગ ત્યારે, દુઃખીન કાજ ઉબારે. પાલો.

શિવ ગુણકારા, તારનહારા, ભવજળ પાર ઉતારે;
તું જગદીશ પવીત્ર પરેશા, સંકટ સર્વ નિવારે;
શરણાગત કો તારે-પાહી
નિશદિન સુમરન કરતે તેરા, હર હરનામ રટન હમ તેરા;
ગોટન સખત જેસે ભવ'દરા, જય જય જય ત્રિપુરારે -- પાહી

રામચરણદાસ— લાવણી.

હોના નહી હેરાન, સજન તુમ, હોના નહી હેરાન;
જુઠા જગતકા જાલમે ભાઈ, હોના નહીં હેરાન.
કોન જગતમેં તાતહે તેરા, કોન ત્રીયા સંતાન;
કોન ભ્રાત ઓર માતા ભગિની મૂરખ મન પયેછાન;
મૂરખ મન પયેછાન—સજન.
કોન કહો તુમ કહાંસે આયે? કહાં હે તેરા સ્થાન?
કોન ખેલ વો અકલ કરત હેઃ રખના સબ તુમ ધ્યાન;
રખની સબતુમ ધ્યાન—સજન.
માયા હે વો ભાઈ પ્રભુકી, મત કરના અભિમાન,
સાર હીન સંસાર મેં સબહે, દો દિનકે મિજબાન;
દો દીનકે મિજબાન—સજન.
મેરા મેરા મૂખ પોકારે, ક્યું હોકર હેવાન?
તેરા નહી કછુ સંગ ચલેગા, જબ આયે અવસાન;
જબ આયે અવસાન—સજન.
મેરા નહી કછુ નામે કીસીકા, એકીસે ફરમાન,
મોહ શોક તું છોડદે સબસે, સ્મરલે શ્રીભગવાન;
સ્મરલે શ્રીભગવાન—સજન.

ગઝલ.

કરણ—મનોહર, હાલ ભારી, ગતિ કેવી આ મારી ?

કર્યાં શા પાપ જન્મ પેલે, હાય મેં કાળી? ગતિ કેવી આ મારી? થયો.
રાજપાટ સર્વે હાડ બેઠો હું હારી, નથિ રહ્યા કો મારી થયો.
પ્રગટી કુજાત કેવી હાય આ મારે માટે? યમ શાદની નારી; થયો.
પડાવી હાય જુદાં ગુજરથી તેં પુત્રી પ્યારી! કજાત કજાત મારી થયો.
ડુબ્યો આગ, દુઃખને દરિયે, પિતાની કહું ના નીંદકની આ દશા મારી? થયો.
શાને કાજ જીવતું આખર દુઃખ મહા ભારી, બાળું જીંદગી આ મારી, થયો.
આવું હવે હું તારે ખોળે, લેજે ઉગારી, દીનાનાથ મુરારી, થયો.

સ્તુત.

સર્વે પાત્રો—

દુઃખિ અંતે થશે, વિશય લુબ્ધ જે હશે.
કરણુરાય, જુઓ વિકાય, વિનાયના ક્રસ્યે—વિશય.
લાજ ટેક તો સરવે રે ગયાં
પતિપુત્રિ એ તુર્કને વર્યાં,
છેવટ ભૂપ, પડ્યો આ કૂપ, દુઃખ દિલે વસે—વિશય.
રાજપાટ એ હારો ભૂપતી,
વનમાં ભમ્યો, થઈ બુરોગતી.
વિષયજાળ, કરી બેહાલ, જીવ લઇ જશે.—વિશય.
માટે સજ્જનો, અર્જ ઉર ધરો,
વિશય આશથી, મન પરાં કરો.
નહિ તો ખાર થશો ખુવાર, ખચિત એ રસે—વિશય.



સુચના.

આ ચોપડી **વિજયપ્રવર્તક** છાપખાનામાંથી તથા બુકસેલરોની પાસેથી મળશે.

કોઈ પણ નાટક કંપનીને આ ખેલ ભજવવાની મરજી હોય તો તેના મેનેજરે વિજય પ્રવર્તક પ્રીન્ટીંગ પ્રેસના મેનેજરને મળવું. અથવા પત્રદ્વારાએ બંદોબસ્ત કરવો.

લી. કર્તા.

નીચેનાં પુસ્તકો પણ વિજયપ્રવર્તક છાપખાનામાંથી મળશે.

	કીમત.	પોસ્ટેજ.
હિંદુસ્તાનનાં ચારે ધામની યાત્રા.	૦—૧૦—૦	૦—૧—૦
સ્ત્રીનીતિધર્મ દર્શક. (ઇનામ આપવા અને લાઇબ્રેરીઓ માટે સરકારે પસંદ કરેલુ.)	૦—૮—૦	૦— —૬
શ્રી અષ્ટાવક્રગીતા. (વિસ્તાર પૂર્વક ગુજરાતી ટીકા અને ગ્રંથકારના વૃત્તાંત સહિત) વેદાંતનો અપૂર્વ ગ્રંથ.	૦—૮—૦	૦—૨—૬
ભ્રાન્તિ વિલાસ. (મહા કવિ શેકસપિયર કૃત બે જોડીઆ ભાઇના નાટક ઉપરથી વાર્તારૂપે. આ પુસ્તક બહુજ રમુજી છે.)	૦—૪—૦	૦—૧—૬
ચરિત્રાવળી. (અતિ ગરીબ દશામાંથી સ્વપરાક્રમે [illegible] પુરૂષોના [illegible].)	૦—[illegible]—૦	૦—[illegible]
[illegible] (ભાગ [illegible] [illegible] [illegible] [illegible] સંબંધી વાર્તા.)	૦—[illegible]—૦	૦—[illegible]